# –: માઁ :–

માઁ-વાલેદા ઈન્સાન વાસ્તે એક આઅલા નેઅમત છે. રસૂલુલ્લાહ સૈયેદુલ બશર (સ.અ.વ.વ.) મુમેનીનના રૂહાની-ઈમાની બાવાજી છે અને મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) રૂહાની માઁ છે. આપ બેવે સાહબથી મુમેનીન ઈલ્મે જારી અને નૂરે સારી સાથે વલાયતના સિલસિલાથી જોડાયેલા છે. આપ સાહબો સાથેની વાબિસ્તગી જ મુમેનીનની રૂહાની હયાતની ધડકન છે, આપના રૂહાની ફૈઝ અને તાઈદથી જ ઈમાનની કમાલીયત અને બકા છે. જેમ માઁ બગૈર ઔલાદની હસ્તી નામુમ્કિન છે, તેમ મૌલાના અલી (અ.સ.) ની મોહબ્બત અને વસાયતની માઅરેફત બગૈર મુમિનની હસ્તી મુમ્કિન નથી. મુમેનીનની નજાત અને મગફેરતનો ઝરીઓ જ રૂહાની વાલેદૈનની ઈતાઅતને સરે-તસ્લીમ કરવું છે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) શરીઅતે ગર્રાઅ લઈને પધારા જે એક ઉમ્દા પાકો સાફ ઝમીન મુજબ છે. પછી મૌલાના અલી (અ.સ.) તાવીલની નેઅમત લઈને પધારા જે વરસનાર વાદલો જેમ છે. આ પાનીથી ઝમીન હરેલી-ભરેલી, લીલી-ખુશનૂમા થાય છે. અલ્લાહતઆલાએ આપની નસ્લે મુબારક માંથી ઈમામોને જારી કીધા જે ઝમીન પર સાયાદાર-ફલદાર-ખુશ્બૂદાર દરખ્તો મુજબ છે જેનાથી લોગો હર તરહનો ફાયદો હાસિલ કરે છે. અને આ અઈમ્મતે માઅસૂમીન તેમજ દોઆતે અકરમીન થી મુમેનીન કિયામતના દિન તક રૂહાની ફાયદો હાસિલ કરતા રહેશે. એક મુસાફિરને કોઈ સાયાદાર દરખ્તના ઠંડા સાયાની ઝરૂરત હોય છે, અને તેને તેનાથી દિલી તસ્કીન મીલે છે, તે જ મુજબ એક મુખ્લિસ ઈમાનદારને ઝમાનાના હક્કના ઈમામ યા દાઈના હિદાયતના સાયાની ઝરૂરત હોય છે જેની ઠંડક તેને મૌત બાદ તેની કબ્રમાં મેહસૂસ થાય છે.

માઁ એક રેહમતભરો સાયો છે, તસલ્લી-બખ્શ છાઁવ છે. માઁ તે હસ્તી છે જે પોતાની ઔલાદને વાસ્તે સખ્ત ગરમીમાં ઠંડી-ઠંડી દિલખુશ પનાહગાહ છે. ખુશનસીબ છે તે શખ્સ જે માઁ ની મમતાથી સરફરાઝ થયો, જેને માઁ નો અનમોલ પ્યાર અને દુલાર હાસિલ થયો. બદનસીબ છે તે શખ્સ જે આ નાયાબ નેઅમતથી મેહરૂમ રહ્યો યા તેને આ નાદિર નેઅમતની કદ્રશનાસી નથી. જહાઁ તક આ દુનિયામાં ઝિંદગી બાકી રહેશે ત્યાં તક માઁ નો મકામ તમામથી બલંદો ફૌક રહેશે. અલ્લાહતઆલા હમ મુમેનીનના સરોં પર હમારા આકાએ ગિરામી હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.) નો સાયએ શફકત કાઈમ-દાઈમ રાખે. આમીન... ★